RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 299* Date: 27.08.2020 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ટ્રમ્પની ભારતને લપડાકઃ પોતાના નાગરિકોને ભારત ન જવાની સલાહ આપી

# અમેરિકાએ ભારતને પાકિસ્તાન-સિરિયા સાથે આતંકી દેશોની શ્રેણીમાં મૂક્યુ

## ભારતમાં કોરોના સિવાય અપરાધ અને આતંકવાદમાં વધારો થયો જેના કારણે નાગરિકો યાત્રા ન કરેઃ અમેરિકા

*વૉશિંગ્ટન,તા.૨૬*

ભારતની સાથે મિત્રતાના તમામ દાવા કરનારા અમેરિકાએ પોતાના નાગરિકોને ભારતની યાત્રા ન કરવાની સલાહ આપી છે. અમેરિકાએ આનુ કારણ ભારતમાં કોરોના સંકટ, અપરાધ અને આતંકવાદ જણાવ્યુ છે. એટલુ જ નહીં અમેરિકાએ ભારતની યાત્રા માટે રેટિંગ ૪ નિર્ધારિત કર્યુ છે જેને સૌથી ખરાબ માનવામાં આવે છે. આ શ્રેણીમાં ભારત સિવાય યુદ્ધગ્રસ્ત સીરિયા, આતંકવાદનું કેન્દ્ર પાકિસ્તાન, ઈરાન, ઈરાક અને યમન સામેલ છે.

અમેરિકાએ કહ્યુ કે ભારતમાં કોરોના સંકટ છે. આ સિવાય દેશમાં અપરાધ અને આતંકવાદમાં તેજી આવી છે. તેથી અમેરિકી નાગરિક ભારતની યાત્રા ન કરે. અમેરિકાએ પોતાની એડવાઈઝરીના કેટલાક અન્ય કારણોમાં મહિલાઓ વિરૂદ્ધ અપરાધ અને ઉગ્રવાદને પણ કારણ જણાવ્યુ છે. ઈન્ડિયન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી સંઘ (FAITH)એ ભારત સરકારને અરજી કરી છે કે તે અમેરિકા સરકાર પાસેથી ટ્રાવેલ એડવાઈઝરીને બદલવા માટે દબાણ કરે.

ફેથે કહ્યુ કે સરકાર આને પ્રાથમિકતાના આધારે ઉઠાવે જેથી દેશ વિશે બની રહેલી નકારાત્મક છબીને રોકવામાં આવી શકે. ફેથે કહ્યુ કે આ સમય પર્યટન ઉદ્યોગ કોરોના મહામારીના કારણે ગંભીર સંકટમાંથી પસાર થઈ રહ્યો છે અને જલ્દી જ ભારતમાં આ ઉદ્યોગ ફરીથી શરૂ કરવા જઈ રહ્યા છે. ૨૩ ઓગસ્ટે જારી આ ટ્રાવેલ એડવાઈઝરીમાં ભારત સિવાય પાકિસ્તાન, સીરિયા, યમન, ઈરાન અને ઈરાક જેવી હિંસા પ્રભાવિત દેશોને સામેલ કરવામાં આવ્યા છે.

ભારતમાં પર્યટન ઉદ્યોગ માટે અમેરિકી પર્યટક દરેક મોસમમાં ઘણુ મહત્વના રહ્યા છે. એટલુ જ નહીં અમેરિકાથી આવનારા પર્યટક અન્ય દેશોની તુલનામાં સૌથી વધારે સમય સુધી ભારતમાં રહે છે. અમેરિકી પર્યટક જ્યાં ૨૯ દિવસ સુધી રહે છે ત્યાં અન્ય દેશોના લોકો ૨૨ દિવસ સુધી રહે છે. ફેથે કહ્યુ કે જો અમેરિકા સરકાર ભારતના પક્ષમાં ટ્રાવેલ એડવાઈઝરી જારી કરે છે તો આ ભારતમાં મુસાફરીને લઈને એક સારો માહોલ પેદા કરશે. આનાથી કોરોનાથી બંધ પડેલા પર્યટન ઉદ્યોગને ઘણી રાહત મળશે.



આ અમેરિકી એડવાઈઝરીમાં એ પણ ચેતવણી આપવામાં આવી છે કે કોરોના વાઈરસના કારણે સીમા બંધ કરવામાં આવી શકે છે અને એરપોર્ટને બંધ કરી શકાય છે. યાત્રા પર પ્રતિબંધ લગાવી શકાય છે. લોકડાઉન લાગુ થઈ શકે છે. અમેરિકાના વિદેશ વિભાગે વિશેષ કરીને જમ્મુ-કાશ્મીર અને ભારત-પાકિસ્તાન સરહદ પર નહીં જવા માટે ચેતવણી જારી કરી છે. ફેથે કહ્યુ કે સીરિયા અને પાકિસ્તાનની યાદીમાં નાખેલા ભારત માટે ખૂબ ખરાબ સ્થિતિ છે.

### માસ્ક ન પહેરવાના કારણે કેસ વધી રહ્યા છેઃ આઈસીએમઆર

## દેશમાં કોરોનાના કેસ ૩૨ લાખને પારઃ ૨૪ કલાકમાં ૧૦૫૯ લોકોના મોત

### ૧%થી પણ ઓછા દર્દી વેન્ટીલેટર પર, સાજા થયેલા દર્દીઓની સંખ્યા એક્ટિવ કેસ કરતા ૩.૪ ગણી થઈ

*ન્યુ દિલ્હી,તા.૨૬*



દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૨ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૭૧૫૧ કેસ નોંધાતા કુલ કેસ ૩૨૩૪૪૭૪ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૬.૨૯ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૧૭૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૪૬૭૭૫૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૫૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૯૪૪૯ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૦૭૨૬૭ એક્ટિવ કેસ છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૩૮૮૮૪૭૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૧૯૨૧૬ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૫૫૫૨૭૩૬ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૫૧૬૫૨૦ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

## હું મહિનાઓથી કહી રહ્યો હતો તે આરબીઆઈએ માન્યુઃ રાહુલ ગાંધી

*ન્યુ દિલ્હી,તા.૨૬*

દેશની અર્થવ્યવસ્થા મુદ્દે રાહુલ ગાંધીએ કેન્દ્ર પર વધુ એક પ્રહાર કર્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ×હું મહિનાઓથી કહી રહ્યો હતો હવે RBIએ પણ માન્યું છે. RBIના વાર્ષિક રિપોર્ટને ટાંકીને રાહુલ ગાંધીએ કેન્દ્રને સલાહ આપી છે. જાણો રાહુલ ગાંધીએ શું સલાહ આપી છે.રાહુલે બુધવારે ટ્વીટ કરી રહ્યું કે, 'આરબીઆઈએ હવે પુષ્ટિ કરી દીધી છે કે જેની હું મે મહિનામાં ચતવણી આપી રહ્યો હતો. સરકારે હવે વધુ ખર્ચાઓ કરવાની જરૂર નથી. લોન આપવાની જરુર નથી. ગરીબોને પૈસા આપો, ઉદ્યોગપતિના ટેક્સ માફ ન કરો. ખપતના માધ્યમથી અર્થવ્યવસ્થાને ફરી શરુ કરો. મીડિયાના માધ્યમથી ધ્યાન ભંગ કરવાથી ન તો ગરીબોની મદદ થશે અને આર્થિક સંકટ દુર થશે.'એક ટ્વીટ સાથે રાહુલ ગાંધીએ એક અખબરાના સમાચાર શેર કર્યા છે. જેમાં આરબીઆઈનો રિપોર્ટ અંગે લખાયુ છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં ખપતને ગંભીર ઝટકો લાગ્યો છે. ગરીબોને વધારે નુકાસાન પહોંચ્યું છે. આવામાં અર્થવ્યવસ્થાને પાટા પર પાછા ફરવામાં વધારે સમય લાગશે.

### લોન મોરેટોરિયમ મુદ્દે સુપ્રીમે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી

## સરકારના કડક લૉકડાઉનના કારણે દેશનુ અર્થતંત્ર મુશ્કેલીમાંઃ સુપ્રીમ કોર્ટ

### સુપ્રીમે કેન્દ્ર સરકારને કહ્યુ કે તેમની પાસે પૂરતા અધિકાર છે અને તેમની જવાબારી પણ છે કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત પગલાં ભરે



*ન્યુ દિલ્હી,તા.૨૬*

સુપ્રીમ કોર્ટે મંગળવારે લોન મોરેટોરિયમની અંદર વ્યાજદરમાં છૂટની માંગ ધરાવતી અરજી પર સુનાવણી કરી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ કેસ લાંબા સમયથી પેન્ડિંગ છે. કોર્ટે કેન્દ્ર સરકારને આ મામલે પોતાનું વલણ સ્પષ્ટ કરવા કહ્યું છે.

સર્વોચ્ચ અદાલતે ઈંએં બાદમાં ચૂકવવાની સુવિધા આપીને વ્યાજ વસૂલવાની નીતિ પર સરકારને ફટકાર લગાવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સરકાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની આડમાં પોતાની જવાબદારીમાંથી છટકી ના શકે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ફટકાર લગાવતા કહ્યું કે, આ સમસ્યા તમે લાગુ કરેલા લૉકડાઉનના કારણે જ ઉભી થઈ છે. આ માત્ર વ્યવસાય પર વિચાર કરવાનો સમય નથી. સરકારે લોકોની પરેશાની વિશે પણ વિચારવું જોઈએ. જસ્ટિસ અશોક ભૂષણ અને એમ.આર શાહની બેંચે કહ્યું કે, કેન્દ્ર સરકાર પાસે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત અનેક શક્તિઓ છે અને તેણે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. આ કેસની સુનાવણી દરમિયાન સૉલિસિટર જનરલ તુષામ મેહતાએ કહ્યું કે, સર્વોચ્ચ અદાલકે આ પ્રકારની ટિપ્પણી ના કરવી જોઈએ, કારણ કે તેનાથી ખોટી રીતે રિપોર્ટ કરવામાં આવી શકે છે. RBIએ ફાઈનાન્સિયર રેગ્યુલેટર તરીકે કહ્યું હતું કે, લોન મેરાટોરિયમ પર વ્યાજમાં છૂય યોગ્ય નથી. RBIએ કહ્યું હતું કે, અમારે એવા એકાઉન્ટની તપાસ કરવી પડશે, જે સંકટમાં છે અને તેમની સ્થિતિને જોતા વ્યાજદરમાં કાપ મૂકી શકાય છે. જો કે આ છૂટ દરેક કેસમાં અલગ હશે. જે બાદ સુપ્રીમ કોર્ટ સુનાવણીને ૧ સપ્ટેમ્બર સુધી ટાળતા કેન્દ્ર સરકારને કહ્યું છે કે, તેણે આ સબંધે પોતાનો મત સ્પષ્ટ કરવો જોઈએ, કારણ કે આર્થિક સંકટની સ્થિતિ તેમના તરફથી લાગૂ કરવામાં આવેલા લોકડાઉનના કારણે જ ઉભુ થયું છે.

## અયોધ્યા મસ્જિદ ટ્રસ્ટે સરકારી ઉમેદવારની નિયુક્તિ મુદ્દે સુપ્રિમમાં અરજી કરી

*ન્યુ દિલ્હી,તા.૨૬*

સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી છે. જેમાં મસ્જિદ નિર્માણ માટે ગઠિત અયોધ્યા મસ્જિદ ટ્રસ્ટે એક સરકારી ઉમેદવારની નિયુક્તિને લઈને નિર્દેશ આપવાની માંગ કરી છે. આ અરજી અયોધ્યા મામલામાં હિંદુ પક્ષના એક વકીલ કરુણેશ શુક્લાએ પોતાના વકીલ વિષ્ણુ જૈનના માધ્યમથી દાખલ કરી છે. ઉત્તર પ્રદેશના સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડના સર્વોચ્ચ ન્યાયાલયના નિર્દેશ પર ઉત્તર પ્રદેસ સરકારે અયોધ્યામાં ફાળવવામાં આવેલી જમીન પર મસ્જિદ અને અન્ય સુવિધાઓના નિર્માણ માટે ૧૫ સભ્યોનું ટ્રસ્ટ 'ઈન્ડો ઈસ્લામિક કલ્ચર ફાઉન્ડેશન બનાવ્યું છે.

## દિલ્હી હાઈકોર્ટે ICAIની પીએમ કેર્સમાં ૧૫ કરોડના દાનનો વિરોધ કરતી પીઆઈએલ રદ કરી

*ન્યુ દિલ્હી,તા.૨૬*

દિલ્હી હાઈકોર્ટે બુધવારે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)ની રૂ. ૧૫ કરોડ પીએમ કેર્સ ફંડમાં ટ્રાન્સફર કરવા સામે વાંધો ઉઠાવતી જાહેર હિતની અરજીને ધ્યાન પર લેવા ઈનકાર કરી દીધો છે. કોર્ટે જણાવ્યું હતું કે, આ અરજી સંસ્થાના વડા સામે કોઈના ઈશારે કરવામાં આવી હોવાનું જણાય છે.

દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડે એન પટેલ અને જસ્ટિસ પ્રતિક જાલનની બેન્ચે અરજદાર વતી હાજર વકીલ નવનીત ચતુર્વેદીને જણાવ્યું હતું કે તેઓ આ અરજી પરત ખેંચી લે અથવા તો દંડ સાથે બરતરફ થવાની તૈયારી રાખે. ત્યારબાદ આઈસીએઆઈના વકીલે અરજી પરત ખેંચવા કોર્ટની મંજૂરી માગી હતી અને કોર્ટે અરજી પરત ખેંચવા અનુમતી આપતા તેને ડિસમિસ કરી હતી.

વીડિયો કોન્ફરન્સ દ્વારા સુનાવણી દરમિયાન બેન્ચે અરજદારને સવાલ પૂછ્યો હતો કે, ભંડોળ ટ્રાન્સફર કરવા અંગે આઈસીએઆઈના સભ્યોમાં આક્રોશ નથી તો પીઆઈએલ કેવી રીતે દાખલ કરી શકાય. સભ્યો પોતાના તરફથી પીએમ કેર્સ ફંડમાં દાન આપવા રાજી છે તો પીઆઈએલનો અર્થ શું છે. એટલા માટે આ જાહેર હિતની અરજી સંસ્થના વડાની વિરુદ્ધ કોઈની દોરવણીથી કરાઈ હોવાનું જણાય છે.

આઈસીએઆઈએ એપ્રિલમાં પીએમ કેર્સ ફંડમાં ૧૫ કરોડ જમા ટ્રાન્સફર કર્યા હતા તેમજ તેના સભ્યોએ વધારાના છ કરોડ રૂપિયાનું અનુમોદન પણ આપ્યું હતું. અરજીદારે જણાવ્યું હતું કે સંસ્થાએ આ નિર્ણય તત્કાલિન કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવની વિનંતીને પગલે લીધો હતો.

## કોરોનાથી પાંચ મહિનામાં વૈશ્ર્વિક પર્યટનને ૩૨૦ અબજ ડૉલરનું નુક્સાનઃ યુએન ચીફ

*યુએન,તા.૨૬*

કોરોના વાઈરસને કારણે વૈશ્ર્વિક પર્યટન ઉદ્યોગ બરબાદ થઈ ગયો છે. વર્ષના પાંચ મહિનામાં વૈશ્ર્વિક પર્યટનને ૩૨૦ અબજ ડૉલરનું નુક્સાન થયું છે અને ૧૨ કરોડ લોકોના રોજગાર સામે જોખમ ઊભું થયું છે, એમ યુએનના વડાએ મંગળવારે જણાવ્યું છે.

સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે વીડિયો એડ્રેસમાં જણાવ્યું હતું કે પર્યટન વૈશ્ર્વિક અર્થતંત્રનું ત્રીજું સૌથી મોટું નિકાસ ક્ષેત્ર છે. ૨૦૧૯માં વૈશ્ર્વિક વેપારમાં તેનો ૭ ટકા હિસ્સો હતો. તે દર દસમાંથી એક લોકોને રોજગાર આપે છે ને લાખો લોકોને આજીવિકા પ્રદાન કરે છે.

અર્થતંત્રને વેગ આપવા ઉપરાંત તે લોકોને કેટલીક સાંસ્કૃતિક અને કુદરતી સંપત્તિનો અનુભવ કરવાની તક આપે છે અને લોકોને એકબીજાની નજીક લાવે છે, પરંતુ ૨૦૨૦ના પ્રથમ પાંચ મહિનાના રોગચાળાને કારણે લોકોનો આંતરરાષ્ટ્રીય પ્રવાસ અડધાથી પણ ઓછો થઈ ગયો અને આ ક્ષેત્રની કમાણી પણ ઘટી ગઇ, એમ ગુટેરેસે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે સમૃદ્ધ વિક્સિત દેશો માટે આ મોટો આંચકો હતો, પરંતુ વિકાસશીલ દેશો માટે આ એક મોટી કટોકટી છે, ખાસ કરીને નાના ટાપુના દેશો અને આફ્રિકન દેશો, જેમનું પર્યટન ક્ષેત્ર દેશના જીડીપીના ૨૦ ટકા કરતા વધુનું પ્રતિનિધિત્વ કરે છે.

પર્યટન ક્ષેત્ર ઉપરાંત વિશ્ર્વભરમાં ૧૪૪ મિલિયન કામદારોને રોજગાર પૂરા પાડતા અને પર્યટન સાથે સંકળાયેલા ક્ષેત્રોની નોકરીઓ પણ જોખમમાં છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૧૯૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૯૦૧૩૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૭

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૪૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૨૪૦૮

## તંત્રી સ્થાનેથી...

# દેશના ચૂંટાયેલા મહાનુભાવો- નેતાઓ આત્મનિર્ભર બનવા તૈયાર છે કે કેમ....?

કોરોના વાયરસે વિશ્વભરના દેશોના અર્થતંત્રને ડામાડોળ કરી નાખ્યું છે. જેમાં ભારત પણ બાકાત નથી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને નાણાભીડ ઊભી થવા પામી છે. ભારત સરકાર અમેરિકી નીતિ તરફ વધુ ઝોક આપી રહ્યું છે અને તે કારણે ખાનગીકરણને સવિશેષ પ્રોત્સાહન આપી રહી છે. સરકારે નાણાંની ભીડમાંથી બહાર નીકળવા પ્રજા પાસેથી નાણા મળી રહે તેવા પ્રયાસો કરવા નીત-નવા નિર્ણયો લેવાનું શરૂ કરી દીધુ છે.તેમજ સરકારે પ્રજાને પૈસે ઉભા કરવામાં આવેલ જાહેર સાહસોનુ પણ ખાનગીકરણ કરવાનું શરૂ કરી દીધું છે. આને અનેક કર્મચારીઓને છૂટા કરવા લાગી છે. પરંતુ જાહેર સાહસો ખોટ કરે છે કે નફો કરે છે તે બાબત ધ્યાનમાં નથી લીધી તો ખોટ કરતા સાહસો નફો કરતાં થાય તે માટે પણ કોઈ પગલા લીધા નથી...તે પણ સત્ય છે. મોટા ભાગના પ્રજાજનો સૌથી વધુ ઉપયોગ કરે છે તેવા જાહેર સાહસો પણ સરકાર વેચવા લાગી છે જેના પરિણામે અનેક કર્મચારીને છૂટા કરવા લાગી છે તો સરકારે આમ પ્રજાને આત્મનિર્ભર બનવા નો મહામંત્ર આપ્યો છે. જોકે ભારત ખેતીપ્રધાન દેશ છે એટલે વધુમાં વધુ લોકો આત્મનિર્ભર છે. પરંતુ મૂળ વાત એ છે કે આત્મનિર્ભર બનવાની શુભ શરૂઆત સરકારે ઘરમાંથી જ કરવી જોઈએ જે કરવામાં આવી નથી.....! ઈન્દિરા ગાંધીએ દેશમાં રાજ-રજવાડાને અપાતા સાલીયાણા બંધ કરી દીધા હતા. પરંતુ પાછળથી ચૂંટાયેલા સાંસદના પગાર ભથ્થા ચાલુ કરી દીધા ત્યાર બાદ જે તે રાજ્ય સરકારોએ ધારાસભ્યોના પગાર ચાલુ કરી દીધા અને પછીથી ભથ્થા ઉમેરી દીધા. ત્યારબાદ ચૂંટાયેલા સાંસદો, ધારાસભ્યો, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યપાલો સહિતના નેતાઓ,મહાનુભાવોને વિવિધ સરકારી લાભો આપવાનું શરૂ કરી દીધું. તો આર્થિકતાના થતા વિવિધ લાભ આપ્યા. ઉપરાંત સંસદોની કેન્ટિનમા વિધ વિધ નાસ્તા, ચા-કોફી, જમવાનું બહુજ સસ્તા દરે....જો આવી કેન્ટીનો દેશભરના જે તે રાજ્યના મુખ્ય મથકોએ ઉભી કરવામાં આવે તો રેશન દુકાનોને તાળા લાગી જાય,મોંઘવારીનો પ્રશ્ન ઉકેલી જાય તેમજ અનેક પ્રશ્નો ઉભા જ ન થાય....પરંતુ.....!?એ સિવાય રાષ્ટ્રપતિ, વડાપ્રધાનશ્રીથી લઈને મંત્રીઓ, રાજયપાલો ઉપરાંત કેટલાક ખાસ નેતાઓની સુરક્ષા સહિતની સવલતો પાછળ દર વર્ષે અંદાજે ૨૦ અરબ રૂપિયા ખર્ચ થાય છે. સરકાર આ બાબતમાં ખુદ આત્મનિર્ભર બની જાય તો દેશના અર્થતંત્રને અને સરકારને મોટામાં મોટો લાભ થાય.... પરંતુ સરકારમાં લોકો દ્વારા કે ધારાસભ્યો દ્વારાચૂંટાયેલા નેતાઓ-મહાનુભાવો આ માટે તૈયાર થાય ખરા....? એ મોટો સવાલ છે....

આત્મનિર્ભર બનવાની વાત કરીએ તો દેશમાં ૮૦ ટકા લોકોથી વધુ લોકો આત્મનિર્ભર છે. અને દેશને આઝાદી મળ્યા બાદ ૩૦ વર્ષ સુધી દેશને સ્વચ્છ અને આત્મનિર્ભર સાંસદો, ધારાસભ્યો સહિત ચૂંટાયેલા નેતાઓ મળ્યા હતા.... પરંતુ સાલીયાણા નાબૂદ કર્યા બાદ સાંસદો, ધારાસભ્યોના ઘર ખર્ચ વગેરેના બહાને ધીમે ધીમે નવા પગારના રૂપે સાલીયાણા શરૂ કરી દીધા.... અને આજે દેશભરના ધારાસભ્યો, સાંસદો સહિતના અનેક મહાનુભાવો,નેતાઓ વગેરેને પગાર- ભથ્થા, પ્રવાસ સહિતની અન્ય સુરક્ષા સુવિધા પાછળ વાર્ષિક રૂપિયા ૨૦ અરબ જેટલો ખર્ચો થાય છે. ત્યારે ગરીબ વર્ગમાં આવક વ્યક્તિદીઠ યોજના ૩૦ થી ૩૨ રૂપિયા હોય તો તે ગરીબ ન કહેવાય તેવો સરકારમાં સ્વિકાર થયેલો છે. બીજી તરફ સરકારે જાહેર સાહસો વેચવા કાઢ્યા છે તેમાં નફો કરતા સારા-પ્રજાકિય સુવિધા આપતા બહુ હેતુઓ પણ વેચવા કાઢ્યા કે તો આમ પ્રજાને સૌથી વધુ સવલત આપતા સાહસો વેચાઈ પણ ગયા છે. ત્યારે સરકારે આમ પ્રજાજનો અને ભવિષ્યમા ઉચ્ચ અભ્યાસ કરેલા યુવાવર્ગને ધ્યાનમાં રાખવાની જરૂર છે. કારણ કે દેશમાં ટેલેન્ટેડો માટે જરૂરી પ્લેટફોર્મ નથી તેમજ સરકાર દ્વારા નવા ઉભા કરવામાં આવતા નથી....! ટેલેન્ટેડોને જોઈતી સુવિધા કે જરૂરી સવલતો પૂરી નથી કરવામાં આવતી પરિણામે દેશનું ટેલેન્ટેડ યુવાધન અમેરિકા સહિતના વિવિધ વિદેશો પર નજર દોડાવે છે... અને ત્યાં પોતાનું હીર બતાવી દે છે... માત્ર આઈટી ક્ષેત્રો જ નહીં પરંતુ અન્ય ક્ષેત્રોમાં પણ ભારતના ૫૦ થી વધુ પોતાનું હિર-પોતાનુ ટેલેન્ટ બતાવવા સાથે દોઢેક લાખથી વધુ લોકોને રોજગારી આપી રહ્યા છે. ત્યારે સરકારે દેશના વિકાસ માટે આ દેશના ટેલેન્ટો દેશમાં રહે અને દેશને વિશ્વસ્તરે પહોંચાડવા તમામ સવલતો આપે.....તો તેના પરિણામો સો ટકા સફળતાના મળે.....પરંતુ જરુર છે ટેલેન્ટેડ યુવા ધનને વિવિધ સવલતો આપવાની..... ત્યારે સરકાર આ બાબતે નિર્ણય કરશે કે કેમ.....?! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૭-૮-૨૦૨૦, **ગુરૂવાર**, ભાદરવા સુદ-૯
સૂર્યોદય-૬-૨૯, સૂર્યાસ્ત-૭-૦૮, જૈન નવકારશી-૭-૧૭,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૨૯થી શુભ-૮-૦૪ સુધી, ૧૧-૧૩થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૭ સુધી,૧૭-૩૨થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૮ સુધી, ૨૪-૪૮થી લાભ-૨૬-૧૪ સુધી

**- શુભ હોરા-**

૬-૨૯થી ૭-૩૨ સુધી, ૯-૩૯થી ૧૨-૪૮ સુધી, ૧૩-૫૧થી ૧૪-૫૪ સુધી, ૧૭-૦૧ થી ૨૦-૦૪ સુધી

# આગામી દિવસોમાં કોરોના ટેસ્ટ ડબલ કરીશુઃ કેજરીવાલ

*ન્યુ દિલ્હી,તા.૨૬*

દિલ્હીમાં કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે ત્યારે હવે કેજરીવાલ સરકાર ઍક્શનમાં આવી છે. કોરોનાને નાથવા કેજરીવાલે બોલાવેલી આ બેઠકમાં આરોગ્ય પ્રધાન, મુખ્ય સચિવ અને આરોગ્ય મંત્રાલયના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પછી, પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન સીએમ કેજરીવાલે કહ્યું કે, આગામી દિવસોમાં કોરોનાના ટેસ્ટ ડબલ કરવામાં આવશે.

સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં કોરોનાના નવા કેસો વધી ગયા છે. આજે ૧૬૯૩ નવા કેસ નોંધાયા છે. કોરોના દર્દીઓના રિકવરી દરમાં વધારો થયો છે અને મૃત્યુઆંક ઘટતો જાય છે. એક સમય હતો જ્યારે ૧૦૦ કરતા પણ વધુ મૃત્યુ થતાં હતા, આજે ૨૦ કરતા ઓછા મૃત્યુ થઈ રહ્યા છે. ૩૭૦૦ બેડમાં દિલ્હીના ૨૯૦૦ દર્દીઓ દાખલ છે.

સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે અમે કોરોના સામે લડવા તૈયાર છીએ. અમારી પાસે ૧૪ હજારથી વધુ બેડ છે, જેમાં ૧૦ હજારથી વધુ બેડ ખાલી છે. એમ્બ્યુલન્સ પણ પૂરતી છે. કેસ વધી રહ્યા છે. તેને પહોંચી વળવા માટે અમે ટેસ્ટ વધારવાનો નિર્ણય કર્યો છે. અમે એક સપ્તાહની અંદર ૪૦,૦૦૦ ટેસ્ટ પ્રતિ દિન કરીશું.

સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે કેટલાક કોરોના સામેની લડત જીત્યા બાદ ઘરે પરત ફર્યા છે, પરંતુ તેમના લક્ષણો નથી જઈ રહ્યાં. શ્વાસ લેવામાં મુશ્કેલી ચાલુ રહે છે. સરકારે નિર્ણય કર્યો છે કે આવા લોકોને ઓક્સિમીટર આપવામાં આવશે. જો જરૂર પડે તો, તેમને ઓક્સિજન સિલિન્ડર પણ આપવામાં આવશે. આનાથી તેમને ફરીથી હોસ્પિટલમાં આવવાની જરૂર રહેશે નહીં.

# તેલંગાણામાં કોરોનાને મ્હાત આપેલ ૨ દર્દી ફરી કોરોના સંક્રમિત થયા

*તેલંગાણા,તા.૨૬*

એકબાજુ સમગ્ર દુનિયા કોરોના વાયરસની વેક્સિનની રહા જોઈને બેઠી છે. તેવામાં બીજી બાજુ હાલમાં જ સામે આવેલી અમુક ખબરોએ ગંભીર સવાલો ઉભા કર્યા છે કે આ રસી આખરે કેટલી કારગર હશે? તેલંગાણામાં એક એવો મામલો સામે આવ્યો છે કે જેણે વેક્સિનને લઈ ચિંતા ઉભી કરી દીધી છે. તેલંગાણા સરકારે મંગળવારે કહ્યુ કે, મંગળવારે રાજયમાં કોરોનાનાં બે એવા દર્દી મળ્યા છે કે જેઓને અગાઉ પણ કોરોના સંક્રમણ થયું હતું અને સારવાર બાદ તેઓ ઠીક પણ થઈ ગયા હતા. પણ આ બંને દર્દીઓ ફરીથી કોરોના સંક્રમિત થયા છે. તેલંગાણાના આ કિસ્સાના એક દિવસ પહેલાં જ હોંગકોંગના રિસર્ચરોએ દાવો કર્યો હતો કે ફરીથી કોરોના પોઝિટિવ થયેલ દર્દી મળી આવ્યો છે. એટલે કે, જો કોઈ વ્યક્તિને એક વખત કોરોના થઈ સાજા થઈ ગયા બાદ એનો મતલબ એ નથી કે તેને ફરીથી કોરોના નહીં થાય અને તેના શરીરમાં કોરોના સામે ઈમ્યુનિટી વિકસિત થઈ ગઈ હશે. તો શું કોરોના રસી કોરોનાથી ૧૦૦ ટકા બચવા માટેની ગેરંટી આપશે કે કેમ તે અંગે હવે સવાલો શરૂ થયા છે. જો કે, હાલ તો તેલંગાણાની સરકારે લોકોને અપીલ કરી છે કે તેઓ વધારે સાવધાની રાખે. રાજયના સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, એની કોઈ ગેરંટી નથી કે કોઈ વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થઈ ઠીક થયા બાદ વાયરસથી સંક્રમિત નહીં થાય. પહેલી વખત સંક્રમિત થયા બાદ જે વ્યક્તિના શરીરમાં પૂરતી માત્રામાં એન્ટીબોડી વિકસિત નથી થતી, તેઓને ફરીથી કોરોનાનું સંક્રમણ થવાનો ખતરો છે.

## ૧લી સપ્ટેમ્બરથી વિલંબથી ભરાતા જીએસટીમાં વ્યાજ નેટ ટેક્સ ઉપર ગણાશે

# 'અચ્છે દિન' ગયે ! GSTની મોડી ચૂકવણી પર વ્યાજ વસૂલશે કેન્દ્ર સરકાર




*ન્યુ દિલ્હી,તા.૨૬*

કેન્દ્ર સરકારે જીએસટી અંગે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું છે કે વિલંબથી ચૂકવવામાં આવતા જીએસટી પર ૧લી સપ્ટેમ્બરથી નેટ ટેક્સ ઉપર વ્યાજ વસૂલવામાં આવશે. અગાઉ ઉદ્યોગ દ્વારા વિલંબથી ભરાતા જીએસટી પરના ૪૬,૦૦૦ કરોડ ના ચૂકવાયેલા વ્યાજ અંગે ચિંતા વ્યક્ત કરાઈ હતી. ગ્રોસ ટેક્સ પર આ વ્યાજ ગણવામાં આવતું હતું. જો કે હવે ૧લી સપ્ટેમ્બરથી વેપારીઓએ વિલંબથી ભરાતા જીએસટી પર નેટ ટેક્સ જવાબદારી પર વ્યાજની ચૂકવણી કરવાની રહેશે.

કેન્દ્ર તેમજ રાજયના નાણા મંત્રીઓની જીએસટી કાઉન્સિલે માર્ચમાં ૩૯મી મીટિંગમાં જીએસટી ભરવામાં થતા વિલંબના કિસ્સામાં ૧લી જુલાઈ ૨૦૧૭થી અમલી થાય તે મુજબ નેટ ટેક્સ ઉપર જ વ્યાજ ગણવામાં આવશે અને આ માટે કાયદામમાં પણ પાશ્ચાતવર્તી સંશોધન કરાશે તેવો નિર્ણય કર્યો હતો.

૨૫ ઓગસ્ટના સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી)એ નેટ ટેક્સ પર વ્યાજ ગણતરી કરવા માટે ૧લી સપ્ટેમ્બર નોટીફાઈ કરી હતી. સીબીઆઈસીએ એક નિવેદનમાં સ્પષ્ટ કરતા જણાવ્યું કે વિલંબથી ચૂકવવામાં આવતા જીએસટી પર વ્યાજ અંગેનું નોટિફિકેશન ટેક્નિકલ મર્યાદાઓને લીધે સંભવિત જાહેર કરાયું છે. જો કે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ૩૯મી જીએસટી બેઠકમાં લેવાયેલા નિર્ણય અગાઉના ગાળામાં કેન્દ્ર કે રાજ્ય કર વહીવટી તંત્ર કોઈ રિકવરી નહીં કરે.

એમઆરજી એન્ડ એસોસિએટ્સના વરિષ્ઠ પાર્ટનર રજત મોહને જણાવ્યું કે સંભવિત લાભનો એ અર્થ થયો કે કર ચૂકવતા લાખો વેપારીઓ સમક્ષ હવે જીએસટીના અમલથી ત્રણ વર્ષના ગાળાનું વ્યાજ માંગવાનો પ્રશ્ન ઉભો થશે. વેપારીઓ હવે એસ્ટોપેલના સિદ્ધાંતને આધારે આ અન્યાયી અને ગેરકાયદે કરની માગણીને હાઈકોર્ટોમાં પડકારી શકે છે.

સીબીઆઈસીએ અગાઉ જણાવ્યું હતું કે જીએસટી કાયદો વિલંબથી ચૂકવવામાં આવતા ટેક્સ પર વ્યાજની ગણતરી ગ્રોસ ટેક્સ લાયેબિલિટીને આધારે કરવા મંજૂરી આપે છે. આ બાબતે તેલંગાણા હાઈકોર્ટે ૧૮ એપ્રિલ ૨૦૧૯ના ચુકાદો આપ્યો છે. ગ્રોસ જીએસટી લાયેબિલિટીમાંથી ઈનપૂટ ટેક્સ ક્રેડિટ બાદ કરીને નેટ જીએસટી લાયેબિલિટી મળે છે. એટલા માટે ગ્રોસ જીએસટી લાયેબિલિટી મુજબ વ્યાજની ગણતરી કરવાથી વેપારી પર ભારણ વધી જાય છે.

આવાયના ટેક્સ પાર્ટનર અભિષેક જૈને જણાવ્યું કે, પાશ્ચાતવર્તી જાહેરાનામું અગાઉ અપાયેલી તમામ નોટિસોને ખોટી ઠેરવે છે જેમાં ગ્રોસ લોયેબિલિટી મુજબ જીએસટી પર વ્યાજ લેવાનું જણાવાયું છે.

કમ્પોઝિશન યોજના હેઠળ નોંધાયેલા તેમજ ત્રિમાસિક રિટર્ન ભરતા વેપારીઓ સિવાયના અન્ય નોંધાયેલા ઉદ્યોગો દ્વારા જીએસટીઆર-૧ને જે તે મહિનાની ૧૧મી તારીખે કર જવાબદારી સાથે ભરવું પડે છે અને ટેક્સની ચૂકવણી જીએસટીઆર-૩મ મારફતે ૨૦-૨૪ તારીખે (સંબંધિત રાજ્યમાં નોંધાયેલા વેપાર ઉદ્યોગ માટે તારીખો જુદી જુદી હોય છે) ચૂકવતા હોય છે.

કેટલાક કિસ્સામાં વેપારીઓ જીએસટી વિલંબથી ભરે છે પરંતુ તેના પર ચડેલું વ્યાજ ચૂકવતા નથી. માટે ગ્રોસ લાયેબિલિટી પર ટેક્સ ભરવો કે નેટ લાયેબિલિટી પર તે અંગે અસમંજસતા રહેલી છે. વિલંબધી ચૂકવવામાં આવતા જીએસટી પર સરકાર ૧૮ ટકા વ્યાજ વસુલે છે.

## પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં અનુભવાયો ૪.૧ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

*કોલકાત્તા,તા.૨૬*

પશ્ચિમ બંગાળમાં ભૂકંપના આંચકા અનુભવાયા. નેશનલ સેન્ટર ફૉર સિસ્મોલોજી અનુસાર રાજ્યના દુર્ગાપુરમાં સવારે ૭.૫૪ વાગે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા. સેન્ટરે જણાવ્યુ કે રિક્ટર સ્કેલ પર આની તીવ્રતા ૪.૧ રહી.

યુરોપીય-ભૂમધ્યસાગરીય ભૂકંપીય કેન્દ્રએ જણાવ્યુ કે બુધવારે પશ્ચિમ બંગાળના બહરામપુરથી ૩૦ કિલોમીટર દૂર ભૂકંપના આંચકા અનુભવાયા. ભૂકંપના આ આંચકા મોડી રાતે ૧.૩૦ વાગે આવ્યા અને રિક્ટર સ્કેલ પર આની તીવ્રતા ૩.૮ રહી.

## નીટ-જેઈઈ મુદ્દે સોનિયા ગાંધીએ સાત રાજ્યોના મુખ્યમંત્રી સાથે ઓનલાઈન બેઠ કરી

# નીટ-જેઈઈ પર કેન્દ્ર નહી સાંભળે તો આપણે સુપ્રીમ કોર્ટ જઈશું: મમતા

### રાજ્ય સરકારોને કેન્દ્ર સરકાર તરફથી જીએસટીની રકમ આપવામાં નથી આવી તે અંગે પણ ચર્ચા કરાઈ

*ન્યુ દિલ્હી,તા.૨૬*

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકાર પાસેથી રાજ્યોના બાકી જીએસટી તેમજ NEET-JEE પરીક્ષાને લઈને સાત રાજ્યોના મુખ્યમંત્રી સાથે ઓનલાઈન બેઠક કરી હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલ આ બેઠકમાં કોંગ્રેસ શાસિત અને કોંગ્રેસ સમર્થિત રાજ્ય સરકારના મુખ્યમંત્રી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી જોડાયા હતા. બેઠકની અંદર મમતા બેનર્જીએ તમામ રાજ્યોને NEET-JEE પરીક્ષાના વિરોધમાંથી એકજૂથ થવાનો અનુરોધ કર્યો. ઉપરાંત તેમણે કહ્યું કે આપણે બધા સાથે સુપ્રીમ કોર્ટમાં જઈએ અને પરીક્ષાને ત્યાં સુધી રોકી દઈએ, જ્યાં સુધી સ્થિતિ સામાન્ય નથી થતી. આપણે વિદ્યાર્થીઓનું જીવન જોખમમાં કેમ નાંખીએ છીએ?



આ મીટિંગમાં સોનિયા ગાંધીએ નવી શિક્ષણ નીતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે નવી રાષ્ટ્રિય શિક્ષા નીતિ સંબંધી ઘોષણાઓ ચિંતાજનક છે. જે ખરાખર એક ઝટકારુપ છે. તેમાં વિદ્યાર્થીઓ અને પરીક્ષા સંબંધી સમસ્યાઓ ઉપર ધ્યાન આપવામાં આવ્યું નથી. તો મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ બાળકોના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી છે. અમંરિકામાં શાળા કોલેજ ખોલવાથી ઉભી થયેલી સ્થિતિનું ઉદાહરણ આપીને તેમણે કહ્યું કે અમેરિકાથી એક રિપોર્ટ આવ્યો હતો કે જ્યારે ત્યાં સ્કૂલ ખોલવામાં આવ્યા તો લગભગ ૯૭૦૦૦ બાળકોને કોરોનાનો ચેપ લાગ્યો હતો. જો આવી જ સ્થિતિ અહીં ઉભી થઇ તો આપણે શું કરીશું?

મમતા બેનર્જીની સુપ્રિમમાં જવાની વાત અંગે હેમંત સોરેને જણાવ્યું કે પહેલા આપણે વડાપ્રધાન અથવા તો રાષ્ટ્રપતિને આ મુદ્દો લઈને મળવું જોઈએ. તો પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે મમતા બેનર્જીની સુપ્રીમમાં જવાની વાતનું સમર્થન કર્યું હતું. આ સિવાય આ બેઠકની અંદર કેન્દ્ર સરકાર તરફથી રાજ્યોને જીએસટી પવાનું બાકી છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને જીએસટીની રકમ ના અપવાને સોનિયા ગાંધીએ ષડયંત્ર ગણાવ્યું.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, રાજ્ય સરકારને નબળી કરવામાં આવી રહી છે. આપણે એ તરફ આગળ વધી રહ્યા છીએ, જ્યાં માત્ર એક જ વ્યક્તિ બધુ કંટ્રોલ કરી રહ્યો છે. આપણે તેની સામે એકજૂથ થઈને જવું પડશે. હું લડવૈયા બાપનો લડવૈયો દીકરો છું. અમેરિકાના એક રિપોર્ટ પ્રમાણે, ત્યાં જ્યારે શાળા શરૂ કરાઈ હતી તો લગભગ ૯૭ હજાર બાળકો કોરોનાથી સંક્રમિત હતા. જો અહીંયા આવી સ્થિતિ થશે તો આપણે શું કરીશું? આ બેઠકમાં રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત, છત્તીસગઢના સીએમ ભુપેશસિંહ બઘેલ, પંજાબના સીએમ કેપ્ટન અમરિંદર સિંહ, પુડુચેરીના સીએમ નારાયણસામી, ઝારખંડના સીએમ હેમંત સોરેન અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ઉપસ્થિત રહ્યા હતા.

# રાજીનામા બાદ પણ પડદા પાછળ રાહુલનું નિયંત્રણઃ દિગ્વિજયસિંહ

*ન્યુ દિલ્હી,તા.૨૬*

કોંગ્રેસમાં રાષ્ટ્રીય અધ્યક્ષને લઈને હાલ મોટો વિવાદ ચાલી રહ્યો છે. પાર્ટીનાં અમુક નેતાઓનાં પત્રથી કોંગ્રેસમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં એક વર્ષ માટે ફરીથી સોનિયા ગાંધીને વચગાળા અધ્યક્ષ પસંદ કરાયા છે. આ વચ્ચે પૂર્વ સીએમ અને રાજ્યસભા સાંસદ દિગ્વિજય સિંહનું નિવેદન સામે આવ્યું છે. દિગ્વિજય સિંહના આ નિવેદનથી કોંગ્રેસનું ટેન્શન વધી જશે તેની ગેરંટી છે.

દિગ્વિજય સિંહે જણાવ્યું કે, પાર્ટીમાં જે આજે અસંતોષ છે, તે એક દિવસમાં નથી વધ્યો. તેઓએ કહ્યું કે, આ વિવાદ એ દિવસથી જ વધી ગયો હતો, જ્યારે સોનિયા ગાંધી પાર્ટીના વચગાળાના અધ્યક્ષ બન્યા હતા. દિગ્વિજય સિંહે કહ્યું કે, રાહુલ ગાંધીએ પાર્ટીનું અધ્યક્ષ પદ છોડી દીધું હતું, પણ પાર્ટી પર તેઓનું નિયંત્રણ બની રહ્યું હતું. તેઓએ કહ્યું કે, આ વાતનો પુરાવો પાર્ટી પદાધિકારીઓની નિયુક્તિમાં મળે છે.

દિગ્વિજય સિંહે કહ્યું કે, રાહુલ ગાંધી ભલે કોંગ્રેસનાં અધ્યક્ષ નથી, પણ પડદાની પાછળથી પાર્ટી પર તેઓનું નિયંત્રણ હતું. આ કારણથી પણ પાર્ટી નેતાઓમાં અસંતોષ વધી ગયો છે. તેઓએ કહ્યું કે, રાજ્યસભા ચૂંટણી બાદ પાર્ટીમાં અસંતોષ ચરમસીમાએ ચઢ્યો છે. દિગ્વિજય સિંહે ઉદાહરણ આપતાં કહ્યું કે, મુકુલ બનાની અને કેસી વેણુગોપાલની જગ્યાએ રાજીવ સાતવના નામાંકન માટે રાહુલ ગાંધીએ હામી ભરી હતી. અને તેનાથી પાર્ટીમાં નારાજગી વધી ગઈ.

## ૬ મહિનામાં જ ફેંસલો, ૧૪ વર્ષની જેલ, જંત્રી જેટલો દંડ

# ભૂમાફિયાઓ સાવધાનઃ લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને રૂપાણી કેબિનેટની મંજૂરી

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં અનેક વાર ભૂમાફિયાઓનાં ત્રાસથી લોકો જમીન છોડી જવાના કિસ્સા સામે આવ્યા છે. તો થોડા સમય પહેલાં જ ભૂમાફિયાઓ દ્વારા ફાયરિંગની ઘટનાઓ પણ સામે આવી હતી. તેવામાં હવે ભૂમાફિયાઓ પર અંકુશ મેળવવા માટે રાજયની વિજય રૂપાણી સરકારે મોટો નિર્ણય કર્યો છે. ભૂમાફિયાઓ સામે કડક પગલાં લેવા માટે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને કેબિનેટ બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી છે. મહેસૂલ મંત્રી કૌશિક પટેલે પ્રેસ કોન્ફરન્સ કરીને આ માહિતી આપી હતી.

આજે રાજયની કેબિનેટ બેઠકમાં ભૂમાફિયાઓ પર અંકુશ મેળવવા માટે સરકારે નિર્ણય કર્યો હતો. અને આ માટે લાવવામાં આવેલાં લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને કેબિનેટે મંજૂરી આપી દીધી હતી. આ મામલે મહેસૂલ મંત્રી કૌશિક પટેલે પ્રેસ કોન્ફરન્સ સંબોધીને જણાવ્યું હતું કે, જમીનની કિંમતો વધતાં ભૂમાફિયાઓનું જોર વધ્યું છે. અને તેમના પર અંકુશ મેળવવા માટે સરકાર આ કાયદો લઈને આવી છે. આ કાયદામાં જમીન હડપનારને ૧૦થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ છે. અને કોર્ટમાં લેન્ડ ગ્રેબિંગ કેસનો ચુકાદો ૬ માસમાં આવશે. આ ઉપરાંત ઈછ પોર્ટલ પર મહેસૂલી સેવાઓની અરજી કરી શકાશે તેવું પણ મહેસૂલ મંત્રીએ જણાવ્યું હતું.

ગરીબ, ઓછુ ભણેલા ખેડૂતો, મિલકત માલિકોને ડરાવી, ધમકાવી જમીનો પર કબ્જો કરતા વગદારો અને ભૂમાફિયાઓનું હવે આવી બનશે. ગેરકાયદે જમીનો પચાવી પાડનારા સામે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ લાવવાની જાહેરાત કરી છે. બુધવારે કેબિનેટની બેઠકમાં નવા કાયદાનો પ્રસ્તાવમાં જમીનો પચાવવાના કિસ્સામાં કેસ દાખલ થયાના છ જ મહિનામાં કોર્ટ દ્વારા ફેંસલો અને ગુનેગારને ૧૪ વર્ષ સુધીની જેલ તેમજ જમીનની જંત્રી જેટલો દંડ વસૂલવા જેવા આકરી સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.

લોકોમાં જાગૃતિને અભાવે અનેક જિલ્લાઓમાં મિલકત માલિકોની જમીનો લૂંટાયા બાદ હવે સરકારે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ- ૨૦૨૦ લાવવાની જાહેરાત કરી છે. જેમાં ગેરકાયદેસર કબ્જો લેનાર, આવી જમીન ઉપર બાંધકામ માટે નાણાકિય સહાય કરનાર, તેમજ ભોગવટેદારો પાસેથી ધાક-ધમકીથી ભાડુ, વળતર કે અન્ય વસૂલાત કરનાર અને તેમાં મદદગારી કરનાર એવા તમામને જમીન પચાવી પાડનારની વ્યખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.


કેસોની ઝડપી સૂનાવણી થાય તેના માટે સરકાર સ્પેશિયલ કોર્ટની સ્થાપના કરશે. કેસ દાખલ થયાના છ જ મહિનામા કેસનો નિકાલ આવે તેવી વ્યવસ્થા પણ થશે. કસૂરવારને ૧૦ થી ૧૪ વર્ષની જેલની સજા તેમજ જમીનની જંત્રી જેટલો દંડ થઈ શકે.

**કંપની કે પેઢીના કેસમાં ભાગીદારો જેલ ભેગા થશે**

કાયદામાં માત્ર ખાનગી, ધાર્મિક- શૈક્ષણિક- સામાજિક સંગઠનોની માલિકીની જ નહી પણ સરકારી, પાલિકા- પંચાયત સહિત સ્થાનિક સત્તા મંડળોની જમીનોમાં જે કાયદેસરના ભાડુઆતો ન હોય અને ભોગવટો ચાલુ રાખે તેવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વ્યક્તિને પણ ગુનેગાર ગણવાનું ઠેરવ્યું છે. જમીન ખરીદ- વેચાણની ગેરરિતી આચરવાના કિસ્સામાં જો કોઈ કંપની, વેપારી પેઢી સામેલ હશે તો તેના જવાબદાર વહિવટકર્તા, ભાગીદારોને પણ જેલમાં જવાનો વારો આવશે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.




**વિશ્વ**

જીવનમાં દરેક ચીજ એમ આસાનીથી મળી જતી હોત તો દૂર દૂર વિચારવિનિમય થાત જ નહિ.જોને મને મળવું હતું એક પલ પેલા વિશ્વને પણ ન મળી શકી. વરસોના વહાણા વિતી ગયાને પડતી ચડતી આવતી રહી જીવન નાનું થતું ગયું . દર વરસગાંઠ પસાર થાયને એક વરસ મોટી થઈ માની ખુશ થતી પણ જાણે અજાણે એક વરસ ગુમાવતી રહી છુ એ ભાવનાને દબાવતી રહી.સહુ ની સાથે જીવતી રહી ને વિશ્વને મળવાની ઈચ્છા ભૂલવા મથામણ કરતી રહી!

એક દિવસ ચાર અક્ષર લખ્યા તો થયું અરે શું આજ હતો વિશ્વને મળ્યાનો પહેલો દિવસ અને..રાહ જોતી રહી કે વિશ્વને પહોંચી હશે આ ચાર અક્ષરની ભાવના..પણ સમય વિત્યોને કોઈ વાવડ ન મળ્યા.સમજી ગઈ આ વિશ્વની ગહનતાને..!મને ન ઓળખવાના એના એ અંદાજને..!ફરી સ્વીકરી લીધું જીવન માં માંગ્યું અને ધાર્યું ન થાય..થાય તો ઉપરવાળાનું જ ધાર્યું ..!સમય વિત્યોને મે ઓળખવા માંડ્યું કાગળ ને કલમ ને .બધે જાઉ ને જોઉં કુદરતની કરામત...!

ટપકાઉ ફરી ચાર અક્ષરને વિશ્વને મળ્યાની ખેવના પૂર્ણ થાય.સાચેજ વિશ્વ ને મળવાની ઈચ્છા સામે મે ... નભ,ધરતી,સૂરજ,ચાંદ ,તારાઓ, નદી, સરોવરને , પહાડ,ઝરણાં,ખેતરની લહરાતી ફસલ,ને પ્રકૃતિના ગીતો,મૌસમ ને મારો આત્માની ભાળ મેળવીને કલમ થી વિશ્વની નજદીક સરકતી ગઈને વિશ્વની વિશાળ બાહો માં સમાય ગઈ..!

જયશ્રી.પટેલ ૧૨/૮/૧૮

---------------------------------------

**અહિંસા**

અહિંસા, માત્ર ત્રણ અક્ષરનો શબ્દ.પરંતુ અર્થ વિશાળ.અહિંસા શબ્દ બોલીએ અને ગાંધીજીને યાદ ન કરીએ, એતો નજ ચાલે.હું જ્યારે પણ અહીંસા શબ્દ સાંભળુ કે નજર સામે તરતજ આ કરમચંદ ગાંધીજીનું પ્રતિબિંબ દ્રષ્ટીગોચર થાય.મુઠ્ઠી હાડકાંનો માણસ, શરીર પર વસ્ત્રને નામે એક માત્ર પોતળી.....! અને અંગ્રેજો સામે લડવાનું શસ્ત્ર એટલે અંહિસા.મિત્રો વિચાર તો કરો કે કેટલી તાકાત હશે આ અંહિંસાના શસ્ત્રમાં.બસ્સો બસ્સો વર્ષ ભારત શાસન કરનાર ફિરંગીઓ કોઈનાથી ન હાંફ્યા, પરંતુ અહિંસાના શસ્ત્રથી હાંફી ગયા.મિત્રો આ વિચારથીજ મારા શરીરમાં એક ઝણઝણાટી આવી જાય છે કે અહિંસાના શસ્ત્રથી મનુષ્ય ધારે એ પરિણામ લાવી શકે છે.

આમ જોવા જઈએ તો હિંસા અનેક પ્રકારની હોય છે. શારિરીક હાનિ પહોંચાડે એનેજ માત્ર હિંસા ન કહેવાય.આ સિવાય જેમ કે માનસિક હિંસા, દ્રષ્ટી હિંસા, વર્તન દ્વારા થતી હિંસા,સંબંધોની હિંસા વગેરે.સૌથી પહેલા આપણે વિચારીશું શાબ્દિક હિંસા એટલે શું?શાબ્દિક હિંસા એટલે સામેવાળી વ્યક્તિને મ્હેણાં મારવા,વાતવાતમાં એને ઉતારી પાડવા,અભદ્ર ભાષા બોલી ગાળગલોચ કરી વ્યક્તિનું અપમાન કરવું. આ બધી હિંસા શાબ્દિક હિંસાજ કહેવાય.આવી હિંસાઓ સમાજમાત્ર લગભગ દરેક ક્ષેત્રમાં, એટલે કે ઓફીસ , ઘર , કોલેજ , શાળાઓમાં થતી હોય છે.ઘરમાં દેરાણી જેઠાણી,નણંદ ભોજાઈ, સાસુ વહુ, ભાઈ બહેન , કે પછી ભાઈ ભાઈ વચ્ચે જોવા મળે છે.માતા પિતા પોતાના બાળકોની બીજા બાળકો સાથે તુલના કરીને બાળકના માનસપટ પર એક પ્રકારની હિંસાજ આચરે છે.અરે ઘણીવાર તો પતિ બીજી સ્ત્રીના વખાણ કરીને કે પત્ની બીજા પુરુષના વખાણ કરીને એકબીજાને ઉતારી પાડવાના પ્રયત્નો કરે છે.જે એક રીતે હિંસાજ કહેવાય.જેના પરિણામ સ્વરૂપ સંબંધોમાં કડવાશ અને તિરાડો ઊભી થાય છે.માટે આરીતની હિંસા ન કરવી એપણ એક અહિંસાનોજ ભાગ છે.પછી આવે દ્રષ્ટિ દ્વારા કરાતી હિંસા. મિત્રો દ્રષ્ટિ હિંસા એટલે બ્હેનો દિકરીઓને કુદ્રષ્ટિએ જોવું,રસતે આવતી જતી છોકરીઓને લોલુપ નજરે જોયા કરવું. આ પણ એક હિંસાજ કહેવાય.દિકરો નાનો હોય ત્યારથીજ એને સ્ત્રી પ્રત્યે આદર,સન્માન આપતા શીખવવું જોઈએ.એને સમજાવવું જોઈએ કે સ્ત્રી એ ઉપભોગતાનું સાધન નથી.જો આ રીતે દરેક માતાપિતા પોતાના દિકરાને શીખ આપશે તો ભવિષ્યમાં ફરી કોઈ છોકરીને નિર્ભયા નામ ન આપવું પડે.શ્ર?

(હિંસાઓના બીજા પ્રકાર આવતા અઠવાડીયે.)

લેખિકા : આરતી મર્ચંટ

મુંબઈ : કાંદીવલી.

---------------------------------------

**ગણપતિ બાપ્પા મોર્યા ??**

ગણપતિ ચોથ આવવાના બે દિવસ પહેલા મનાકાકા પૌત્ર દેવને લઈને ખેતરે પહોંચી જાય! કાળી માટીને પાણી નાખીને શીરા જેવી બનાવે, પછી દેવને ગણપતિ બનાવવા કહે. દેવ સમજતો થયો ત્યારથી આ ક્રમ! ઘરના બધાં મનાકાકાને સમજાવતાં પાંચસો રૂપિયામાં સરસ મૂર્તિ મળી જાય છે, શું કામ શરીરને આટલું કષ્ટ આપો છો? પણ મનાકાકા એવું દ્રઢપણે માનતા કે પ્રકૃતિને આપણે સાચવીશું તો તે આપણને સાચવશે. પીઓપીની મૂર્તિ તો નહીં જ!

"દાદા જુઓ હવે ગણપતિ બાપ્પા બરાબર બન્યા છે?"

"ના સૂંઢ બરાબર નથી."

"ઓહો સૂંઢ બરાબર નથી ચોંટતી. મારે આખી મૂર્તિ ફરી બનાવવી પડશે."

દેવે ફરી મૂર્તિ બનાવી પણ દાદાને સંતોષ ન થયો.

"હવે હું નહીં બનાવી શકું દાદા, સૂંઢ તૂટી જ જાય છે", દેવે નિસાસો નાંખ્યો.

"હું જોઉ છું માટીની મૂર્તિ અને માણસ બંને તૂટ્યાં. હાર કેમ માની લીધી દીકરા. માટીમાંથી જ માણસ અને મૂર્તિ બને, અને અંતે માટીમાં ભળે! બસ "બને અને ભળે" વચ્ચે જીવાય એટલું જીવી લઈએ." મનાકાકા બોલતાં રહ્યાં.

મનાકાકાને સંકોચ થયો આટલાં નાના છોકરાને આ વાતને કેમ કરીને સમજાવું, જ્યાં મોટા સમજી નથી શકતા.

પણ દેવ તો મૂર્તિ બનાવવામાં મશગુલ હતો તે જોઈ ખુશ થતાં બોલ્યા "ગણપતિ બાપ્પા મોર્યા".

વંદના વાણી

---------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com


---------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..

તંત્રી : પ્રદીપ રાવલ

# लोभ पाप का बाप बखाना






डॉ.महेन्द्रकुमार जैन मनुज, इन्दौर, 9826091247

शौच अर्थात् शुचिता, पवित्रता %शुचेर्भाव: शौचं लोभ का अभाव होने पर शौच धर्म प्रकट होता हैलोभ सभी पापों का पिता कहा है, अर्थात् लोभ के वशीभूत व्यक्ति कोई भी पाप करने को उद्धत हो जाता है। आज लोभ के कारण ही ठगी, चोरी, हिंसा में लिप्त हो रहे हैं, यहां तक कि लोभ के कारण अपने सगे संबंधियों को मौत के घाट भी उतार देते हैं ।तृष्णा व लोभ के जहर से बचकर जो नीति न्याय से मिल रहा है उसमें ही संतोष करना शौचधर्म है, शुचिता का अर्थ पवित्रता, स्वच्छता, शुद्ध होना, स्वच्छ होना, निर्मल होना और लोभ रहित होना है7

शरीर में ममता रहित भाव होना एवं यह मेरा है ऐसी बुद्धि का नहीं होना शौच धर्म कहलाता है। लोभ के सभी प्रकारों का त्याग करना शौच धर्म हैजो परम मुनि इच्छाओं को रोककर और वैराग्य के विचारों से सहित होक र आचरण करते है, उनके शौच धर्म होता हैलाभ के अभाव में होने वाली अंतरंग शुद्धि का नाम ही शौचधर्म है। धन, स्त्री आदि वस्तुएं मेरी हैं, ऐसी इच्छा रूप बुद्धि ही सभी संकटों में मनुष्य को गिराती है, अतः इस मम8्व भाव को त्याग करना ही शौचधर्म है। लोभ सब कषायों में भारी है। कषाएँ पाप हैं, जैसे-जैसे शुचिता का आगमन होता है वैसे-वैसे ही अशुचिता स्वयमेव कम हो जाती है। पूर्ण शुचिता होने पर लोभ का संपूर्ण अभाव होता है। लोभ एक कील के समान है जिसकी चुभन सारे शरीर को दुख देती है। हमारे गुरुओं ने कहा है कि अत्यधिक लोभ करना हानिकारक है। लोभ के कारण आत्मा अपवित्र हो जाती है । इसीलिए संतोष को ही सुख कहा गया है। शौच धर्म पवित्रता का प्रतीक हैयह पवित्रता, शुचिता संतोष के माध्यम से आती हैव्यक्ति को जैसे-जैसे लाभ होता है, उसका लोभ बढ़ता जाता है और यही लोभ एक दिन इच्छा और इच्छा से तृष्णा में बदल जाता है। जिस तृष्णा की पूर्ति कर पाना संभव नहीं है । नीतिकारों ने कहा है कि नदियों का बहुत सारा जल पहुंचने के बाद भी समुद्र कभी तृप्त नहीं होता हैकोटि-कोटि शवों को भस्म करने के बाद भी श्मसान कभी तृप्त नहीं होता हैतृष्णा का गड्ढा ऐसा है कि इसको जितना भरो उतना और बढ़ता जाता है, इसे कितना भी भरा जाये, पर हमेशा खाली का खाली ही रहता है। इसलिए कहा भी है 9 %तृष्णा की खाई खूब भरी,पर रिक्त रही वह रिक्त रही।

लोभ के अनेक मुखोटे हैं, वह उन मुखोटों को लगाकर हमारे पास आता है और हम पहिचान भी नहीं पाते वह हमारी आत्मा को लोभ में फंसाकर अपवित्र बना देता है और उ8ाम शौचधर्म से हमें दूर कर देता है। लोभं किसी भी रूप में हो, नाम कुछ भी हो, लेकिन वह पतित करने वाला ही होता है। चाहे वह धन, वैभव, स्त्री, परिवार, शरीर यश या फिर किसी पद प्राप्ति का ही 1यों न हो, हमें इन्हें समझना होगा और अलग-अलग नाम वाले मुखौटे पहनकर आने वाले लोभ से अपने आपको बचाना होगा, तभी उ8ाम शौच धर्म की प्राप्ति संभव है

एक उदाहरण आता है- एक उच्चवर्गीय युवक का विवाह हो गया, वह वह शिक्षा प्राप्त करने बनारस जाता है। वहां कुछ वर्षों रहकर सभी विषयों की शिक्षा प्राप्त करके घर लौटता हैउसकी पत्नी उससे पूछती है- आप 1या पढ़कर आये हैं? उसने बताया- %चारों वेद, पुराण, ज्योतिष, गणित, आयुर्वेद आदि सभी विषय पढ़कर आया हूं, तुम पूछो कुछ पूछना चाहती हो।% पत्नी ने कहा- ये सब बेद पुराण तो मैं नहीं जानती, तुम तो यह बताओ कि %पाप का बाप 1या है।% युवक ने कहा सभी विषय पढ़े पर यह नहीं पढ़ा। वह ये पाठ पढ़ने पुनः जाता है। काशी की गलियों में घूमते हुए उसके मन्तव्य को एक वेश्या ने जान लियाउसने युवक को बुलाया कहा तु6हारी 1या समस्या है?युवक ने कहा %पाप का बाप 1या है% पाठ पढ़ना हैवेश्या ने उससे कहा आओ मेरे चौबारे पर ये पाठ तु6हें पढ़ाऊंगी, युवक ने मना कर दिया कि मैं कुलीन हूं, तूं वेश्या मैं तेरे चबूतरे पर नहीं आ सकता। वेश्या ने १०० रु.की पेशकश की, युवक मान गया वेश्या ने कहा तुम चलकर हारे थके आये हो कुछ खा-पी लो, सूखा सामान देती हूं तुम बना लेना, फिर तु6हें पाठ पढ़ाऊंगी, इसके लिए मैं २०० रु.तु6हें दूंगी २०० के लालच में युवक मान गयापुनः वेश्या बोली ५०० मोहरें दूंगी मुझे भोजन बना देने दो, ५०० के लालच में युवक वेश्या से भोजन बनवाने को मान गया ज्यों ही वह कुलीन युवक खाना खाने लगा वेश्या बोली जब मैंने बना ही दिया है तो एक ग्रास मेरे हाथ से खा लीजिए मैं भी पवित्र हो जाऊंगी इसके लिए मैं तु6हें १००० मोहरें दूगी, तभी तु6हें पाठ भी पाप का बाप 1या है यह पाठ भी पढ़ा दूंगी। युवक ने सोचा यहां कोई देख तो रहा नहीं और १००० मोहरें भी मिल रहीं हैं, पाठ भी मिल जायेगा वह लालच में आकर वेश्या की बात मान गया । वेश्या ने भोजन का एक ग्रास उठाया, खिलाने लगी, युवक ने खाने को मुंह खोला कि वेश्या ने युवक के गाल पर एक चांटा जड़ दियायुवक ने कहा तूने ये 1या किया, मुझे चाटा 1यों मारा। वेश्या बोली यही तो तु6हारा सबक है, जो मैं पढ़ाने वाली थीलोभ-लालच ही पाप का बाप हैतुम मेरे चबूतरे पर आने को भी तैयार नहीं थे, अपवित्र मान रहे थे और लोभ में पड़कर मेरे हाथ का बना और मेरे ही हाथ से खाने को भी तैयार हो गये।

लोभ में पड़कर व्यक्ति बड़े से बड़े पाप कर बैठता है। अतः अधिक लालच में न पढ़कर शौच धर्म अपनाना चाहिए

# ફોટો ગેલેરી



संगठन शक्ति का बेहतरीन प्रदर्शन,, अजगर की भी हिम्मत नही की इस संगठन को तोड़ दे ।हमेशा संगठित होकर रहो,, विजय आपकी होंगी ।





# આશિર્વાદ અને દુવા ની વાત ને વર્ણવતો એક અદ્ભૂત પ્રસંગ....!!

એક ખુબજ જૂનાં સમય નો પ્રસંગ છે, એક ગામડા ગામનો અભણ યુવાન, ઉનાળા નાં દિવસો મા સેવા નાં ભાવ સાથે વગડા મા પાણી નું પરબ ખોલે છે, રસ્તા મા આવતાં જતા મુસાફરો પાણી પીઈને તરસ છીપાવે છે, આ પરબ ઉપર રોજ ચાર જણા આવે છે, પાણી પીવે, થાક ઊતરે ત્યાં સુધી પેલા યુવાન સાથે વાતો કરે, અને વળી જતા રહે, આ રોજ નૉ ક્રમ બની ગયો, એક દીવસ પેલો યુવાન પૂછે છે કે મિત્રો તમે રોજ મારે ત્યાં આવો છો, પાણી પીવો વાતો કરો અને જતા રહો છો, તો મને એટલું બતાવો કે તમે કોણ છો.? ક્યાં થી આવો છો અને ક્યાં જાવ છો?, પેલા ચારે જણ ક્હે છે કે દોસ્ત અમારી ઓળખાણ કાઢવી રહેવા દે, પેલો યુવાન આગ્રહ કરે છે કે નાં, તમે તમારી ઓળખાણ આપો, પેલા લોકો ક્હે છે કે દોસ્ત કાળજું કઠણ કરી ને સાંભળ અમે યમના દુતો છીએ, હે..? તો કે હા અમે યમનાં દુતો છીએ, અને રોજ જીવને લેવા જઈએ છીએ, વાત સાંભળતા યુવાન ક્હે છે કે ભાઈ તમે મારૂં એક કામ કરશો.? દુતો કહે છે કે ભાઈ રોજ તારૂ પાણી પીઈએ, તારી સાથે વાતો કરીએ, તારૂ કામ કેમ નાં કરીએ..? યુવાન કહે છે કે દોસ્તો મારે મારૂ મૃત્યુ જાણવું છે, તમે કાલે આવો ત્યારે મારૂ મૃત્યુ જાણતા આવજો, ભલે કહીને દુતો જતા રહયા, બીજા દિવસે દુતો આવી ને કહે છે કે દોસ્ત તારૂ મૃત્યુ તારી પરણ્યા ની પહેલી રાત્રીએ સર્પ દંશ થી થશે, આટલું બોલતાં દુત રડી પડ્યો, પેલો યુવાન ક્હે છે, ભાઈ તુ કેમ રડે છે?, દુત ક્હે છે મિત્ર તને કરડવા માટે નૉ સાપ બનવાનો મારો વારો છે,! યુવાન પૂછે છે કે મિત્રો મૃત્યુ થી બચવું હોય તો કઈ રીતે બચી શકાય, દૂતો કહે છે કે ભાઈ મૃત્યુ એ દુનિયા નો અટલ નિયમ છે, વિધાતા નાં લેખ ને કોઈ રોકી ના શકે.! તેમ છતા તૂ લગ્ન નાં કરે તો કદાચ બચી શકાઈ,

આ બાજુ યુવાન નાં લગ્ન ની વાતો ચાલે છે, યુવાન લગ્ન કરવાની નાં ક્હે છે, પરંતુ માની મમતા અને પીતા નાં પ્રેમ આગળ યુવાન ને જૂકવૂ પડે છે, ટૂંકમાં યુવાન નાં લગ્ન થયાં, પરણ્યા ની પહેલી રાત્રિ એ પોતાની દુલ્હન ને મળવા જાય છે, નવોઢા અન્ન નાં થાળ રાંધી ને મેડી ઉપર પોતાના પતી ની આવવાની રાહ જોઈને બેઠી છે,યુવાન અડધો દાદર ચડ્યો, ત્યાં પેલો દૂત સાપ બની ને બેઠો છે, યુવાને આવીને દૂત ને કીધું તુ મને જલ્દી ડંખ મારી ને તારી ફરજ પુરી કર, સાપ ક્હે છે ભાઈ તારા મૃત્યુ ને હજી અડધા કલાક ની વાર છે, હુ તને અત્યારે કરડીશ તો તારે અડધો કલાક દુઃખી થવું પડશે, એનાં કરતા હુ અડધા કલાક પછી તને ડંખ મારૂં જેથી કરીને તારે દુઃખી નાં થવું પડે, આ બન્ને ની વાત પેલી નવોઢા ઉપર નાં ઓરડામાં સાંભળે છે, નવોઢા જાણી ગઇ કે મારો પતી ઓરડા સુધી પહોંચવાનો નથી,,! આ બાજુ ગામનાં પાદરમાં કોઈ ગરીબ મજૂરો આવીને પડેલા છે, અડધી રાત્રિ એ મજૂર ની સ્ત્રી ને પ્રસુતિ ની પીડા ઉપડે છે, બાળકનો જન્મ થયો, પેલી ઔરત પોતાના પતી ને ક્હે છે કે મને જલ્દી ખાવાનું લાવી આપો, મને પેટમા વાઢ ઉપડી છે, તમે જલ્દી ખાવાનું લાવો, નહિતર હુ આ બાળકને ખાઈ જઈશ, પુરૂષ કહે છે કે આ અજાણ્યા ગામમાં અડધી રાત્રી એ મને ખાવાનું કોણ આપશે.? સ્ત્રી આશ્વાસન આપે છે કે તમે જાવ તો ખરાં કોઈ દયાળુ મળી જશે, પુરુષ ઊભી બજારે અડધી રાત્રિ એ પોકાર કરે છે, કે છે કોઈ દયાળુ, છે કોઈ હરિનો લાલ કે મારી ઔરત નું અન્ન થી પેટ ઠારે, આ પોકાર મેડી ઉપર નવોઢા નાં કાને પડે છે, નવોઢા ને થાય છે કે થોડી વારમાં પતી મૃત્યુ પામવાનો છે, આ અન્ન નાં થાળ આ શણગાર થોડી વાર મા રોળાઇ જવાના છે, સાડી વાટે પેલું અન્ન એ પુરુષ ને આપે છે, પુરુષ પોતાની સ્ત્રી ને આપે, સ્ત્રી નાં પેટનો ખાડો પુરાણો, નાભી માંથી આશિર્વાદ નીકળ્યા કે હે પરમાત્મા મારૂ પેટ ઠારનાર નું પેટ ઠારજો, એનો ચુડેલો અમર રાખજો, એનું સૌભાગ્ય અખંડ રાખજો, આશિર્વાદ નો ધોધ યમરાજા ના ચોપડા મા કંડારાઈ ગયો સાહેબ..! આ બાજુ સમય પુરો થયો સાપ ડંખ મારે છે, પરંતુ યુવાન ને કાઈ થતુ નથી, દૂત અનેક પ્રયાસ કરે છે, છતા યુવાન ને ઝેર ચડતું નથી, દૂત દોડતો યમરાજ પાસે આવી ને ક્હે છે કે માલીક આપણી કાંઈક ભુલ થાય છે, પેલા યુવાન ને ઝેર ચડતું નથી, અને નથી એનું મૃત્યુ થતુ,! યમરાજ ચોપડો ખોલી ને જુવે છે, દુત ને ક્હે છે તારે માત્ર એક સેકન્ડ નો ફેર પડી ગયો, તારા ડંખ ની પહેલા, ગરીબ બાઈ નાં આશિર્વાદ પહોચી ગયા, તુ કે હુ, હવે એને મારી નહીં શકીએ,,!! સાહેબ કોઈની સેવા, કોઈ ભૂખ્યા માણસ નાં આશિર્વાદ અને દુવા શુ નાં કરી શકે.? કોઈના આત્મા ને ઠારવાનું કામ વિધાતા નાં વિધાન ને ખોટા પાડી શકે છે, જીવન મા જ્યારે મોકો મળે ત્યારે કોઈની દુવા લેવાનું ચુંકવૂ નાં જોઈએ, દુવા અને આશિર્વાદ મા બહૂ તાકાત છે સાહેબ, ગમે તેવા સંકટૉ અને મુસીબતો આશિર્વાદ થી ટળી જાય છે, અને કોઈની બદ દુવા કે કોઈના આત્મા ને બાળવાનું કામ તમારાં ગમે તેવા સુખ કે સામ્રાજ્ય ને ઘડી નાં છઠા ભાગમાં હતાં નહોતા કરી શકે છે, માટે જીવન મા હમેશા ભલાઈ કરવી, ભલાઈ ભલભલા સંકટ ને દુર કરે છે, વિધિના વિધાન અને ઈશ્વર નાં ચોપડા ને પણ ખોટા પાડી શકે છે...!

જય સીયારામ

# બાળવાર્તા નઃ૨
# શૂન્યની કિંમત




નમસ્તે બાળકો,

તમે તો નવા જમાના ના બાળકો ,તમને તો રાજા,રાણી,દેવ કે રાક્ષસની વાર્તા ન ગમે..ટેકનીકલના જમાનામાં તમને એક સરસ ટેકનીકલની જ વાર્તા કરૂ...છુ

રાહુલ ખૂબ જ ડાહ્યો ને સમજુ વિદ્યાર્થી ,તે બધીજ રીતે હોશિયાર .યુનિફોર્મ પહેરે તો સ્વચ્છ ને બૂટ મોજા સાફ સૂથરા. દરેક વસ્તુનું ગ્રહણ કરવાનું ,સારામા સારી રીતે જ્ઞાન મેળવવું ને વિનય થી વર્તવું.આથી બધા શિક્ષકોને તે ખૂબ પ્રિય હતો.

એકવાર તેના જ ગણિતના સાહેબે તે લોકો ને આંકડા બનાવ્યા એટલે કે એક ના આંકડાવાળા બે છોકરાં,બેના આંકડાવાળા બે ,ત્રણ ના બે આમ નવ ના બે ..અને શૂન્યના બે . ત્યાંતો રિશેષ પડી તેથી સાહેબે રિશેષ પછી સમજાવાનું ઠેરવ્યું . રિશેષ પૂરી થતા બધા કક્ષામાં આવ્યા. એકથી નવ વાળા બાળકો પંક્તિ મા ઉભા રહ્યા પણ શૂન્ય વાળો રાહુલ અને રવિ અલોપ ન તેમનું દફતર દેખાય ન તેઓ.

સાહેબે બાળકો ને કહ્યું ,''શોધી ,''લાવો !તેઓને નવાઈ લાગી રાહુલ જેવો સમજુ વિદ્યાર્થી આવું કેમ કર્યુ?

તે બન્નેને શોધવા વર્ગ નો અનાડી ટીનુ ગયો.મનમા રાજી થતો હતો કારણ એને થતું હતું કે આજે તો રાહુલની મજા જ છે? રાહુલને મનમાં હતું કેમને શૂન્ય કેમ બનાવ્યો ? શૂન્યની કિંમત શુ?કાંઈજ નહિ? પણ સાહેબના ડરને લીધે વર્ગ મા આવ્યો. સાહેબે કારણ જાણ્યું ત્યારે તેને ઠપકો નહિ પણ શૂન્યનું મહત્વ સમજાવ્યું.

સાહેબે પહેલા એકથી નવ ને ઉભા રાખ્યા,પછી શૂન્ય સાથે બીજા એકને પહેલા ને શૂન્ય ને બાજુમાં પછી પૂછ્યું કે શૂન્ય થી એકની કિંમત શુ બની??બાળકો એક સાથે બોલ્યા,''1 0? દસ''તો હવે શૂન્ય વધારે કે દસ?તેવીરીતે ૧૦૦એક સાથે બે શૂન્ય લગાડ્ય તો સો નો આંકડો બન્યો.હવે રાહુલ ની સમજમાં આવ્યું કોઈ નાનું મોટું નથી બધાની કિંમત પોતપોતાની જગ્યાએ બરાબર ને યોગ્ય રૂપે હોય છે.

નાની ચીજ વસ્તુ કે આંકડો ,કાર્ય કે પદ્ધતિ તેની યોગ્ય જગ્યા પામે એટલે એ પ્રમાણસર કાર્ય કરેજ.રાહુલ તે દિવસે આ પાઠ જીવનના પહેલા ક્રમે શીખ્યો .

બોલો બાળકો સમજાય ને શૂન્યની કિંમત.

જયશ્રી પટેલ




થાનગઢ નગરપાલિકા પ્રમુખ તરીકે શ્રીમતી લીનાબેન યોગરાજભાઈ ડોડીયા તેમજ ઉપપ્રમુખ તરીકે શ્રીમાન લાલાભાઈ નાથાભાઈ અલ ગોતર બિનહરીફ તરીકે વરણી કરવામાં આવેલ છે ત્યારે જિલ્લામાંથી પ્રમુખ તરીકે દિલીપભાઈ પટેલ,મહામંત્રી જગદીશભાઈ મકવાણા,મૃગેશભાઈ રાઠોડ તેમજ કરશનભાઈ સભાડ હાજર રહેલ તેમજ મોટી સંખ્યામાં ભાજપ ના કાર્યકર્તાઓ હાજર રહેલ

# બનાસકાંઠા જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકશાન



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ભારે વરસાદના પગલે બનાસકાંઠા જીલ્લા ગામડાઓમાં લોકોને પણ મોટું નુકસાન થયું છે. ડીસા તાલુકાના કંસારી ગામ માં પણ પાણી ભરાઈ જતા મોટાભાગના ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે ખેડૂતોએ સારા ઉત્પાદન ની આશાએ વાવેલો પાક પાણીમાં ગરકાવ થઈ ગયો છે.બનાસકાંઠામાં બે દિવસના વિરામ બાદ મેઘરાજાએ ફરીથી ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે અને મુશળધાર વરસાદના પગલે અનેક વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે સર્વત્ર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય છે અનેક ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે તો ગામમાં પણ તળાવ જેવી સ્થિતિ સર્જાઈ છે અનેક નીચાણવાળા ઘરોમાં પાણી ભરાઈ જતા લોકોના જાણ માલ ને ભારે નુકસાન થયું છે ડીસા તાલુકાના કંસારી ગામના ખેડૂતોની પણ આ જ પરિસ્થિતિ છે અહીંના ખેડૂતોએ પોતાના ખેતરમાં આવેલ મગફળી ,બાજરી, તલ સહિતના પાકો નષ્ટ થઈ ગયા છે,પાક નુકશાન ના કારણે આ વિસ્તારના ખેડૂતોની પરિસ્થિતિ કફોડી બની છે કે અહીંના મોટા ભાગના ખેતરો પાણીના વહેણમાં આવેલા છે જેના કારણે દર વર્ષે અહીંના ખેતરોની આ જ હાલત થાય છે આ વખતે પણ ડીસા તાલુકામાં સામાન્ય વરસાદ ત્રણથી ચાર ઈંચ જેટલો થયો છે પરંતુ આટલા સામાન્ય વરસાદમાં પણ ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

આ બાબતે ઈશ્વરજી ઠાકોર જણાવ્યું કે કંસારી ગામના મોટાભાગના ખેતરોમાં ૮ થી ૧૦ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું છે. લોકોએ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે પણ હોડી નો ઉપયોગ કરવો પડી રહ્યો છે. આ વિસ્તારના કેટલાક ખેડૂતોએ તો જાતે જ દેશી હોડી બનાવી દીધી છે જેના કારણે ભારે વરસાદ થાય તો તે હોડીનો ઉપયોગ કરી પોતાના ખેતરોમાં કે ગામમાં અવરજવર કરી શકાય દર વર્ષે વરસાદી પાણી ભરાઈ જતા ખેડૂતોને ફુવારા તેમજ ખેતીના ઓજારો તણાઈ જાય છે ત્યારે તણાઈ ગયેલી વસ્તુઓને પાછી લાવવા માટે અને અવરજવર માટે અહીંના ખેડૂતો દેશી હોડી નો ઉપયોગ કરી રહ્યા છે.



ગાંધીનગર સ્માર્ટ સીટી સ્વચ્છતા અંતર્ગત નંબર લેવા માટેની દોડધામ ફક્ત કાગળો ઉપર જ કાર્યવાહી થઈ રહી છે. જેનું જાગતુ ઉદાહરણ ગાંધીનગરના બાજુમાં થઈને પસાર થતી મૈયા સાબરમતી નદીમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ડમ્પીંગ સાઈટ ઉપરથી અસહ્ય કચરો જે રાખેલ છે, તે ઘણા મોટા પ્રમાણમાં ચોમાસાના વરસાદી પાણીની સાથે નદીમાં વિપુલ પ્રમાણમાં કચરો ધકેલાઈ રહ્યો છે. ત્યારે સાબરમતી નદીમાં મોટા પ્રમાણમાં પાણીના સ્તર ઉપર નજર પડે ત્યાં સુધી કચરો દેખાઈ આવે છે. અને આ કચરો નદીને તેમજ અમદાવાદ શહેર તરફ જતુ પાણીને પ્રદૂષિત કરી રહી છે. જેના કારણે પાણીજન્ય રોગોથી ભયંકર પરિસ્થિતિ ઉપસ્થિત થાય તેમ છે, આવી વૈશ્વિક મહામારીમાં પણ સ્વચ્છતાને જે અગ્રતા આપવામાં આપવી જોઈએ, તો પણ આપવામાં આવશે નહિ. પરિણામે સાબરમતી નદીના શુદ્ધિકરણનો ખર્ચ વ્યય થતો હોય તેવું જણાઈ આવે છે. સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, સ્વચ્છ બાબતે, પર્યાવરણ, વૃક્ષા રોપણના બાબતે તેવી આ રીતે નદીમાં જે ગંદકી ફેલાઈ રહી છે, તેનો શો મતલબ.

ગાંધીનગર મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની જવાબદારી છે, તેવા કોન્ટ્રાક્ટર તથા જવાબદાર અધિકારીશ્રી સામે કડક પગલા લેવા જોઈએ.

અહેવાલ. મહેશ પટેલ,હરેશ પટેલ.ગાંધીનગર

## અમેરીકા-કેલિફોર્નિયાના નોર્વોક ખાતેના

# શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં જન્માષ્ઠમી ની ઉજવણી ઓન-લાઈન ધામધૂમથી ઉજવાઈ



કેલિફોર્નિયાના નોર્વોક ખાતે આવેલ પ્રસિદ્ધ શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં કરોના ના લીધે દર વખત કરતા જુદી રીતે ધામધૂમથી ઓન-લાઈન ઉજવવામાં આવી.... મંદિરના શાસ્ત્રીજી શ્રી ભરતભાઈએ ઉદાહરણ આપી સમજાવ્યું કે પરમ કૃપાળુ પરમાત્મા જીવનો ભાર ઉતારે છે.

જ્યારે ગોપી માથે મટુકી મુકવાનું કહેછે ત્યારે કનૈયાએ ના મુખ્યું પણ ગોપીએ નીચે ઉતારવાનું કહ્યુ તો ઉતાર્યું - ગોપી કહે ચઢાવ્યું કેમ નહિ ??? અને ઉતરાવ્યું ત્યારે કૃષ્ણ કહે ભાર ચઢાવતાં મને નથી આવડતું ફક્ત ઉતારતાં જ આવડે છે.

ગણેશ ચતુર્થી ના દિવસે પણ આ મંદિરમાં ૧૦૮ લાડુ ના હવન નું આયોજન કરવામાં આવ્યું હતું... આ કાર્યક્રમ ભાવિકોએ પોત-પોતાના ઘેર થી ZOOM પર હવન કર્યા હતા. ગણેશજી ના મોટા મસ્તક વિશે કહ્યું કે × વિચાર ઉંચા રાખવા... શુભ ચિંતન કરવું બીજાના માટે સારા વિચારો રાખવા અને ઈર્ષા દ્વેષ થી દૂર રહેવું... આ પ્રસંગે ભજન ના કાર્યક્રમ પણ ઓન-લાઈન રાખવામાં આવેલ...

( માહિતી અને તસ્વિર સૌજન્ય:-કા ન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

## ગુજરાત બાદ મહારાષ્ટ્ર અને તમિલનાડુ પછીના ક્રમે

# એક્ષ્પોર્ટ પ્રિપેડનેસ ઈન્ડેક્ષ ૨૦૨૦માં ગુજરાત પ્રથમ સ્થાને : નીતિ આયોગ

ગાંધીનગર/નવી દિલ્હી,તા.૨૬

બુધવારે જાહેર થયેલા થિંક ટેન્કના અહેવાલમાં જણાવાયું છે કે નીતી આયોગના નિકાસ તૈયારી સૂચકાંક ૨૦૨૦માં ગુજરાતે પ્રથમ અને મહારાષ્ટ્ર અને તામિલનાડુ પછીના ક્રમે છે. નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે અહેવાલના પ્રારંભમાં બોલતા જણાવ્યું હતું કે નિકાસનો ઝડપી વિકાસ લાંબા ગાળાના આર્થિક વિકાસ માટે નિર્ણાયક ઘટક છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દ્રષ્ટિવંત આયોજન અને દિશા-દર્શનમાં ગુજરાતે વધુ એક ક્ષેત્રે દેશમાં નંબર-૧નું સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે. નીતિ આયોગે આજે બહાર પાડેલા એક્ષ્પોર્ટ પ્રિપ્રેડ નેસ ઈન્ડેક્ષ – ૨૦૨૦માં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે

આ ઈન્ડેક્ષ રેંકીંગ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના આધાર પર કરવામાં આવેલું દેશનું પ્રથમ એક્ષપોર્ટ પ્રીપ્રેડ નેસ ઈન્ડેક્સ રેંકિંગ છે અને તેમાં ગુજરાતે દેશના બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સૌથી વધુ માનાંક મેળવીને ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

આ એક્ષપોર્ટ પ્રીપ્રેડનેસ ઈન્ડેક્ષ રેંકીંગ માટે ૫૦ જેટલા માપદંડ નીતિ આયોગ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યા છે.

આ પેરામીટર્સમાં એક્ષપોર્ટ પ્રમોશન પોલીસી, ઈન્સ્ટીટ્યુશનલ ફ્રેમ વર્ક, બિઝનેસ ઈકો સિસ્ટમ, બિઝનેસ એન્વાયરમેન્ટ, ટ્રેડ સપોર્ટ, આર.એન્ડ ડી સપોર્ટ, એક્ષપોર્ટ ડાયવર્સીફીકેશન, ઈન્ફ્રાસ્ટ્રકચર તથા ટ્રાન્સપોર્ટ કનેક્ટીવીટી વગેરેનો સમાવેશ થાય છે

ગુજરાત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં પોલીસી રીફોર્મ્સ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં અનેક સરળીકરણ સાથે દેશમાં પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે. દેશના કુલ એક્ષપોર્ટના ૨૦ ટકા વધુ કરતા એક્ષપોર્ટ કરીને ગુજરાત ગેટ વે ટુ ધી વર્લ્ડ બન્યું છે. હવે નીતિ આયોગના એક્ષપોર્ટ પ્રિપ્રેડનેસ ઈન્ડેક્ષ-૨૦૨૦માં પણ ગુજરાત બધા જ પેરામીટર્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને દેશભરમાં પ્રથમ ક્રમ મેળવવાની વધુ એક ગૌરવ સિદ્ધિ મુખ્ય મંત્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી મેળવી છે.

# રૂપાણી સરકાર ઉદ્યોગોની જેમ ખેતી માટે નવી પોલીસી જાહેર કરશે

ગાંધીનગર,તા.૨૬

રાજ્યની વિજય રૂપાણી સરકાર એક બાદ એક મહત્વપૂર્ણ નિર્ણયો કરી રહી છે. આ પહેલા રાજ્ય સરકારે ઉદ્યોગો માટે પોલિસીની જાહેરાત કરી હતી. આજ રીતે હવે ખેડૂતો માટે પણ નવી પોલિસી લાવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ખેડૂતો માટે નવી પોલિસી લાવવા મુદ્દે સરકારે ચર્ચા વિચારણા શરૂ કરી દીધી છે. હાલમાં સરકાર પાસે લાખો હેક્ટર બંજર જમીન પડી છે. આ જમીનનો કોઈ ઉપયોગ થઈ રહ્યો નથી. હવે સરકાર આ જમીનને બાગાયત ખેતી માટે ખેડૂતોને આપવા માટે વિચારી રહી છે. આ માટે રાજ્ય સરકાર પોલિસી બનાવી રહી છે.

રાજ્યમાં ૨૦૦૫મા ખેડૂતોને જમીન આપવા સંદર્ભે બનેલી પોલિસી અંતર્ગત નવી પોલિસી બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ માટે કૃષિમંત્રી આર સી ફળદુના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં મહેસુલ મંત્રી કૌશિક પટેલ, કૃષિ વિભાગના સચિવ અને કિસાન સંઘના આગેવાનો પણ હાજર રહ્યાં હતા. કિસાન સંઘ દ્વારા રાજ્ય સરકારને સૂચનો કરવામાં આવ્યા છે.

## સી.આર.પાટીલનો સપાટો

# નગરપાલિકામાં પક્ષના મેન્ડેટનો અનાદર કરનાર ૩૮ સભ્યોને ભાજપે કર્યા સસ્પેન્ડ

ગાંધીનગર,તા.૨૬

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે પદભાર સંભાળ્યા બાદ સૌરાષ્ટ્રનો પ્રવાસ કર્યો હતો અને બાદમાં તેઓ એક્શન મોડમાં આવી ગયા છે. સીઆર પાટીલે હવે એક મોટો નિર્ણય લીધો છે. સી.આર. પાટીલે ૬ નગરપાલિકાના ૩૮ સભ્યોને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દીધા છે. પાર્ટીના મેન્ડેટનો અનાદર કરનાર સભ્યો સામે આ પગલા ભરવામાં આવ્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ૬ નગરપાલિકાના કુલ ૩૮ સભ્યોને સસ્પેન્ડ કર્યા છે. જેમાં ખેડબ્રહ્મા નગરપાલિકાના ૨, હારીજના ૫, થરાદના ૩, રાપરના ૧૩, ઉપલેટાના ૧૩ અને તળાજા નગરપાલિકાના ૨ સભ્યોનો સમાવેશ થાય છે. મહત્વનું છે કે, હાલમાં જે નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં આ સભ્યોએ પાર્ટીના મેન્ડેટનો અનાદર કરીને તેની વિરુદ્ધમાં મત આપ્યા હતા. હવે પ્રદેશ પ્રમુખે આવા સભ્યો સામે પગલા ભર્યા છે. સસ્પેન્ડ કરાયેલા ૩૮ લોકોમાં સ્વચ્છ અને રાજકોટના સૌથી વધુ લોકો સામેલ છે. તમને જણાવી દઈએ કે, તાજેતરમાં જ રાજ્યની કેટલીક નગરપાલિકાની ચૂંટણીઓ યોજાઈ હતી જેમાં ભાજપના કેટલાક સભ્યો દ્વારા બળવો કરી કોંગ્રેસને સાથ આપ્યો હતો. જેથી ભાજપની હાર થઇ હતી.

# એમબીબીએસ વિદ્યાર્થીઓ ફીની ચૂકવણી હપ્તે-હપ્તે કરી શકશે

ગાંધીનગર,તા.૨૬

કોરોના વોરિયર્સ MBBSના વિદ્યાર્થીઓ માટે DyCM નીતિન પટેલે મહત્વનો નિર્ણય લીધો છે. તેમની ફી મામલે હપતે હપતે ચુકવવાની વ્યવસ્થા કરી આપી છે.

મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને લઈને નીતિન પટેલની મહત્વની જાહેરાત કરી છે. નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓને પણ રાહત આપવામાં આવી છે. ખાનગી કોલેજના વિદ્યાર્થીઓ ચાર હપતા ભરી શકશે. એક સેમેસ્ટની ફી ચાર હપતામાં ભરી શકાશે જેમાં સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર એમ ચાર હપતામાં ભરી શકશે. કોરોનાની મહામારીના જંગમાં ખડેપગે રહેનારા MBBSના મેડિકલ સ્ટુડન્ટ્સ માટે સરકાર મહત્વનો નિર્ણય લીધો છે.

# અરવલ્લીમાં મેલેરીયા હાઈરિસ્ક ધરાવતા ૧૨ ગામોમાં દવાનો છંટકાવ કરાયો



અરવલ્લીમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન ભારે વરસાદના કારણે પાણીજન્ય રોગચાળો ફેલાવવાની શક્યતાને લઈ આરોગ્ય વિભાગ દ્વારા મેલેરીયાની અસર વધુ જોવા મળતા હાઈરીસ્ક ધરાવતા ૧૨ ગામોમાં દવાનો છંટકાવની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ચોમાસા પૂર્વે અને ચોમાસાના સમયગાળા દરમિયાન મેલેરીયાના અટકાયતી પગલા અને તકેદારી રાખવા જનજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવે છે. રાજ્ય સરકાર પણ વર્ષ ૨૦૨૨ સુધી મેલેરીયામુક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે કામગીરી સઘન બનાવી છે. અરવલ્લી જિલ્લામાં અગાઉના વર્ષોમાં જ્યાં મેલેરીયાના કેસ મળી આવતા હતા તેવા વિસ્તારોની ઓળખ કરી દવા છંટકાવ કરવાની કામગીરી પૂર્ણ કરી છે.

વર્તમાન ચોમાસાની ઋતુને અનુલક્ષીને જિલ્લામાં વાહકજન્ય રોગચાળો ન ફેલાય એના આગોતરા આયોજન મુજબ જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા અને ધનસુરા તાલુકાના ૧૦ આરોગ્ય કેન્દ્રમાં આવતા ૧૨ ગામોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. જેમાં ૨૨૫૨ ઘરોના ૧૧,૦૭૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત આ સમયગાળામાં ફિવર સર્વે કામગીરી શરૂ કરી, ભંગાર એકત્ર થતા સ્થળ, ટાયર પંચરની દુકાન સહિત મચ્છર ઉત્પતિના સ્થાન છે, તેવા વિસ્તારોની ઓળખ કરી ટેમીફોસ અને બીટીઆઈ દ્વારા આ ઉત્પતિ સ્થળોનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોરોનાને અનુલક્ષી સોસ્યિલ ડિસ્ટન્ટ સાથે સઘન સર્વેલન્સ અને લોકજાગૃતિ અંગે લારવા નિદર્શન તેમજ જ્યાં પાણીના કાયમી સ્રોત છે તેવી જગ્યાએ પોરાભક્ષક ગપ્પી ફિશ મુકવાની કામગીરી પૂર્ણ કરાઈ છે.

# રાજ્યની કેબિનેટ દ્વારા 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ-૨૦૨૦'ને મંજૂરી આપવાના ઐતિહાસિક નિર્ણયને આવકારતા અને અભિનંદન આપતા ભાજપા પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યા

ભાજપા પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યાએ રાજ્યમાં ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડવાની પ્રવૃતિને ડામવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં આજરોજ રાજ્યની કેબિનેટ દ્વારા 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ(પ્રોહીબિશન) એક્ટ-૨૦૨૦'ને મંજૂરી આપવાના નિર્ણયને આવકારતા અને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, હવે રાજ્યમાં કોઈપણ સ્વરૂપે જમીન હડપવી કે જમીન હડપવાના હેતુથી કરેલી અન્ય ગતિવિધિ પ્રતિબંધિત, ગેરકાનૂની અને દંડનીય અપરાધ ગણાશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના આ ઐતિહાસિક નિર્ણયથી ખેડૂતો સહિત તમામ કાયદેસરના જમીન માલિકોના હિતોનું રક્ષણ થશે, કડક સજાની જોગવાઈથી ભૂમાફિયાઓ અંકુશમાં આવશે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, આજે ગુજરાત ભારત સહિત વિશ્વભરના રોકાણકારો માટે ગુજરાત 'બેસ્ટ ચોઇસ ફોર ઈન્વેસ્ટમેન્ટ' અને 'લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી' બની રહ્યું છે ત્યારે ગુજરાતના સર્વાંગી વિકાસ યાત્રામાં 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ(પ્રોહીબિશન) એક્ટ-૨૦૨૦'નવું બળ પૂરૂ પડશે. ગુજરાત ભાજપા સરકાર જમીન પચાવી પાડવાની ભૂમાફિયાની પ્રવૃત્તિઓ અટકાવવા સંકલ્પબદ્ધ છે. તે માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલને અભિનંદન.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, આ એક્ટ હેઠળ ગેરકાયદે જમીન હડપનારા તત્વો સામે વિશેષ અદાલત-સ્પેશ્યલ કોર્ટની રચના કરવામાં આવશે, કેસ દાખલ થયાના ૬ મહિનામાં ઝડપી અને પારદર્શી સુનાવણીથી ગુનેગારોને ૧૦ થી ૧૪ વર્ષ સુધીની જેલની કડક સજાની તેમજ જમીનની જંત્રી કિંમત જેટલો શિક્ષાત્મક દંડ ભરવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. રાજ્યમાં આ એક્ટના અમલને પરિણામે ખેડૂતો, સામાન્ય માનવી કે ખાનગી માલિકી, જાહેર સંસ્થાની, સરકારી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની જમીનો પર ગેરકાયદેસરનો અથવા ડરાવી, ધમકાવીને કબજો જમાવી દેનારા તત્વો-ભૂમાફિયાઓ સામે આકરી સજા અને શિક્ષાત્મક પગલાં લેવાની જોગવાઈથી આ પ્રકારની પ્રવૃતિઓ અટકશે. શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, આજે ભારત સરકારના નીતિ આયોગે Export Preparedness Index-2020 (નિકાસ તૈયારી સૂચકાંક)માં ગુજરાતને નંબર ૧ જાહેર કર્યું છે. એક્ષપોર્ટ એ આત્મનિર્ભર ભારતનું અભિન્ન અંગ અને મહત્વનો ભાગ છે. વિશ્વના વ્યાપારમાં ભારતની નિકાસ બે ગણી થાય તેવા પ્રયાસો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપ સરકાર દ્વારા સતત કરવામાં આવી રહ્યાં છે. એક્ષપોર્ટ પ્રોત્સાહનથી ઉત્પાદન સાથે સંકળાયેલ પોલીસી અને યોજનાઓનું મહત્વનું યોગદાન રહેતું હોય છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં નિકાસના પ્રોત્સાહન માટેની અનૂકુળ પોલીસી સાથે Ease Of Doing Businessને મહત્વ આપ્યું છે. એટલે આજે કેન્દ્ર સરકારના નીતિ આયોગે ગુજરાતને નિકાસ તૈયારી સૂચકાંક (Export Preparedness Index)માં નંબર ૧ જાહેર કરીને ગુજરાતના ઉત્પાદનકારો અને ગુજરાત માટે ગૌરવની વાત છે.

કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા Export Preparedness Index (નિકાસ તૈયારી સૂચકાંક)માં ગુજરાત નંબર ૧ જાહેર થવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને અભિનંદન.



માલપુર ના હેલોદર ગામ ની ડબલ મડર માં ગામ લોકો પહોંચ્યા એસ પી કચેરી અને કલેકટર કચેરી માગણી કરી બીજા આરોપી ઓ પણ છે અને cid ક્રાઈમ ને તપાસ ની માંગ કરી..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.